**સિદ્ધિ** | ગર્ભાશયની લોહીની નસોને ટેમ્પરરી બંધ કરી ગર્ભાશયનાં મુખમાં વિકાસ પામેલા ગર્ભને દૂર કરાયું

# નિ:સંતાન મહિલાનું ગર્ભાશય બચાવવા રાજ્યમાં પ્રથમ વખત સ્મીમેર હોસ્પિટલમાં આધુનિક પદ્ધતિથી સારવાર

ભરત સૂર્યવંશી | સુરત

રાજ્યમાં પ્રથમ વખત સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) માં ગર્ભાશયનાં મુખમાં રહી વિકાસ પામેલા ગર્ભને ઈન્જેક્શન દ્વારા દૂર કરી ગર્ભાશય બચાવાયું છે.દર્દીના લગ્નને માત્ર ત્રણ વર્ષ થયાં હોઈ તેમજ સંતાન ન હોવાથી ગર્ભાશય બચાવવા આ પદ્ધતિથી સારવાર અપાઇ હતી.



વરાછા વિસ્તારમાં રહેતા મમતાબેન (નામ બદલ્યું છે)ને 3 મહિનાનો ગર્ભ ગર્ભાશયના મુખમાં રહી વિકાસ પામ્યો હતો. જેથી તેઓ સ્મીમેરમાં દાખલ થયાં હતાં. પ્રેગ્નન્સીમાં 10 હજારે એક કેસ આવો જોવા મળે છે. નોર્મલ ગર્ભાશયમાં પ્રેગ્નન્સી હોય તો તેની મશીનથી સફાઇ થઈ શકે છે. પરંતુ આવા કેસમાં સફાઈ કરવા જતાં વધારે પડતું લોહી જાય અથવા ગર્ભાશયનું મુખ ફાટી જાય. આ બન્ને પરિસ્થિતિમાં ગર્ભાશયની કોથળી કાઢવી પડે છે. આ કેસમાં દર્દીને વધુ પડતું લોહી વહી રહ્યું હોવાથી તાત્કાલિક સારવાર આપવી જરૂરી હતી. સ્મીમેરના ગાયનેક વિભાગના વડા ડો.અશ્વિન વાછાણી તથા તમામ સાથી ડોક્ટરોએ ચર્ચા-વિચારણા કરી કોઈ પણ ભોગે ગર્ભાશય બચાવવા યુટરાઇન આર્ટરી ઈમ્બોલાઈઝેશન(UAE) દ્વારા વહી રહેલું લોહી બંધ કરી ગર્ભને ઈન્જેક્શન દ્વારા ઓગાળવાનું નક્કી કર્યું. તે સમયે UAE ની સુવિધા સ્મીમેરમાં ન હોવાથી ખાનગીમાં ડો.અંકિત ડુમસવાલાની મદદથી UAE ની પ્રોસિજર કરી બીજા દિવસે ફરી સ્મીમેરમાં ગાયનેક વિભાગમાં ડો. અશ્વિન વાછાણી તથા તેમની ટીમની સારવાર હેઠળ દાખલ કરાયાં હતાં. ત્યાર બાદ ઈન્જેક્શનની મદદથી ગર્ભનો ભાગ સૂકવીને સફળ સારવાર કરાઇ હતી. ઈન્ટરવેન્શનલ રેડિયોલોજિસ્ટ ડો. અંકિતે જણાવ્યું હતું કે, યુએઈ દ્વારા સર્વાઇકલ એક્ટોપિક પ્રેગ્નન્સી (13 Weeks)ની સારવારનો સમગ્ર ગુજરાતમાં પ્રથમ કેસ છે.

## આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં ગાયનેક વિભાગને ઈનામ

આ કેસની સંપૂર્ણ વિગત અમદાવાદ ખાતે યોજાયેલ 'ક્રિટિકલ કેર ઈન ઓબ્સ્ટ્રેટિક'ની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સમાં પોસ્ટર સ્વરૂપે રજૂ કરવામાં આવી હતી. જેમાં સ્મીમેરના ગાયનેક વિભાગને કેસની ઉત્તમ કામગીરી બદલ ઈનામ અપાયું હતું.